માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ "માન. મંત્રીશ્રી (નાણા) "ના કાર્યાલય માટેના "જાહેર માહિતી અધિકારી" તથા "એપેલેટ ઓથોરીટી"ની નિમણુંક કરવા બાબત.

ગુજરાત સરકાર

નાણા વિભાગ,

હુકમ ક્રમાંકઃ પરચ/૧૦૨૦૧૩/ઓ-૧૦૬૯/RTI Cell

સચિવાલય, ગાંધીનગર.

તા. ૩/૮/૨૦૧૩

આ વિભાગના સમાન ક્રમાંકના તા. ૩૧/૭/૨૦૧૩ નો હુકમ આથી રદ કરીને નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

**હુકમ :**

માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ માન. મંત્રીશ્રી (નાણાં)ના કાર્યાલયને મળતી નાણા વિભાગ સબંધી માહિતી અધિકાર હેઠળની અરજીઓ પરત્વેની કાર્યવાહી કરવા માટે નાણા વિભાગના ઉપસચિવશ્રી (સંકલન)ને "માન. મંત્રીશ્રી, નાણાંના કાર્યાલયના જાહેર માહિતી અધિકારી" તથા નાયબ સચિવશ્રી (સંકલન)ને "માન. મંત્રીશ્રી નાણાંના કાર્યાલયના એપેલેટ ઓથોરીટી" તરીકે હોદા જોગ નિમણુંક કરવામાં આવે છે.

માન. મંત્રીશ્રી (નાણા)ના કાર્યાલયને મળતી નાણાં વિભાગ સબંધી માહિતી અધિકાર હેઠળની અરજીઓ પરત્વે નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૧) માન. મંત્રીશ્રીના કાર્યાલયમાં મળતી, માહિતી અધિકાર અધિનિયમ હેઠળની તમામ અરજીઓને જે તે વિભાગના "માન. મંત્રીશ્રીના કાર્યાલય માટેના જાહેર માહિતી અધિકારી"ને મોકલી આપવામાં આવશે.

(૨) વિભાગના "માન. મંત્રીશ્રીના કાર્યાલય માટેના જાહેર માહિતી અધિકારી" જો માંગેલ માહિતીના વિષયવસ્તુ સાથે પોતે સંકળાયેલ હશે તો તેઓ અરજદારને માંગેલ માહિતી આપવા કાર્યવાહી કરશે અન્યથા વિભાગના જે જાહેર માહિતી અધિકારી આ કામગીરી સંભાળતા હશે તેને અરજી તબદીલ કરશે અને સબંધિત જાહેર માહિતી અધિકારી અરજદારને માંગેલ માહિતી આપવા અંગે કાર્યવાહી કરશે.

(3) માન. મંત્રીશ્રી(નાણા)ના કાર્યાલયની સેવા વિષયક તથા પગાર ભથ્થાને લગતી બાબતો અંગેની કામગીરી સામાન્ય વહીવટ વિભાગમા થતી હોઇ આ પ્રકારની માહિતી અંગેની અરજીઓ વિભાગના "માન. મંત્રીશ્રીના કાર્યાલય માટેના જાહેર માહિતી અધિકારી" સામાન્ય વહીવટ વિભાગના સબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીને તબદીલ કરવાની રહેશે.

(૪) માન. મંત્રીશ્રીના કાર્યાલયના માહિતી અધિકાર અધિનિયમ હેઠળ માંગવામા આવેલ માહિતીની અરજીઓ મા.મંત્રીશ્રી હસ્તકના વિભાગ સિવાય, અન્ય વિભાગને લગતી હોય, તો તેવી અરજીઓ, જે તે વિભાગના "મંત્રીશ્રી કાર્યાલયના જાહેર માહિતી અધિકારી" એ સબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીને તબદીલ કરવાની રહેશે.

(૫) માન. મંત્રીશ્રીના કાર્યાલયમાં નિભાવવામાં આવતા રેકર્ડ પરત્વેની જો કોઇ માહિતી માંગવામાં આવેલ હોય તો વિભાગના "માન. મંત્રીશ્રીના કાર્યાલય માટેના જાહેર માહિતી અધિકારી" માન. મંત્રીશ્રીના કાર્યાલય પાસેથી આ પ્રકારની માહિતી મેળવી અરજદારને માહિતી આપવા કાર્યવાહી કરશે.

( ચંદ્રવદન મેકવાન )
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.અધ્યક્ષશ્રી, ગુજ. વિધાનસભાના અંગતસચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (નાણા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (નાણા)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી(આ.બા)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (ખર્ચ)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગના સર્વે અપીલ અધિકારીશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગના સર્વે જાહેર માહિતી અધિકારીશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગ હેઠળના સર્વે ખાતાના વડા/ બોર્ડ-નિગમ.
- સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- સીલેકટ ફાઇલ.